સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કરે કાન આડા હાથ, બિલ્ડરો મધ ચટાવે છે,
હમાની ચાબૂક પાસે કાયદા પૂંછ પટાવે છે.
મિટાવે નામ બાળકોનું, અગ્નિમાં આપે આહુતિ -
અમૂલ્ય જિંદગી નજીવી રાહતથી વટાવે છે...

હાઈકુ

લાગ્યું કલંક
કમાણીના લોભમાં -
બદ - 'સૂરત'

મિલી ભગતે
પ્રપંચના અગ્નિમાં -
હોમાયાં બાળ

ચિંતન

અમૃતં ચૈવ મૃત્યુશ્ચ દ્વયં દેહપ્રતિષ્ઠિતમ્ ।
મોહાદાપદ્યતે મૃત્યુઃ સત્યેનાપદ્યતેઽતમ્ ॥

ઉપરોક્ત શ્લોક 'ડિવાઈન સંસ્કૃત સુભાષિત'માંથી લેવામાં આવેલ છે.

અમરતા અને મૃત્યુ બંને આ દેહમાં જ પ્રતિષ્ઠિત છે - વસે છે. મોહના પરિણામે અને સત્યાચરણથી અમરતા.

જે આત્મા દુરાચરણ - વિષય - વાસના અને ભૌતિક સુખોમાં વ્યસ્ત છે તે શ્વાસ લેતો હોવા છતાં 'મોત' જ કારણ કે તેના જીવનમાં કોઈ 'ધ્યેય' નથી.

જ્યારે 'સત્ય' નું આચરણ સંયમ - સાદગી - સત્સંગ - ભક્તિ સાથે ઈશ્વર પ્રાપ્તિનું ધ્યેય સાથેનું જીવન આપે છે.

સાચું જીવન એ અમરત્વ છે.
દુરાચારી જીવન મૃત્યુ જ છે.

સુવિચાર

- ભવિષ્ય એ દર્પણ છે - એમાં કોઈ કાચ હોતો નથી - **ઝેવિયર્સ કોર્નેટ**
- તમારા ઘા ને ડહાપણમાં બદલાવી નાખો - **ઓપ્રા વિન્ફ્રે**
- કર્મ વિનાની જાગૃતિ વ્યર્થ છે - **ફિલ મેકગ્રો**
- જીવનની છેલ્લી પળોમાં ખ્યાલ આવે છે કે સંબંધો જ સર્વસ્થ છે, ડહાપણ એટલે આ સત્યને વહેલું જાણી લેવું - **રિક વોરન**
- તત્ત્વજ્ઞાન એક એવું રેસ્ટોરાં છે જયાં તમને ત્રીસ હજાર પાનાંની ખાવાની યાદી મળશે, પણ ખાવાનું નહીં આપે - **અમૃતબિંદુ**
- જે લોકો બદલી નથી શકતા, તેઓ પોતા માટે અને આસપાસના માટે પીડા ઊભી કરે છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : ભૃંગરાજના પાંદડાનો રસ એક મોટો ચમચો ખડી સાકરમાં મેળવી પીવાથી માથાનો દુઃખાવો તરત મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બુદ્ધના પ્રવચન બાદ વિશાખા નામની સ્ત્રીએ પૂછ્યું, 'મારા પૌત્રનું મૃત્યુ થયું છે. મને એ બાબતનું ખૂબ દુઃખ થયું છે.' બુદ્ધે તેને શાંત પાડવા કહ્યું, 'આ ગામમાં રોજ કેટલા લોકો મૃત્યુ પામતા હશે ?' વિશાખાએ કહ્યું, 'નિશ્ચિત સંખ્યા તો કહી ન શકું પણ રોજ ઘણા લોકો પંચતત્વમાં વિલીન થઈ જતાં હશે.' બુદ્ધે પૂછ્યું, 'આ નગરમાં જેટલી સ્ત્રી પુરુષો છે, તેમના પ્રત્યે તમને આત્મીય ભાવ જાગૃત થાય છે? વિશાખાએ કહ્યું 'હા' બુદ્ધે પૂછ્યું 'શું તેમનાં પુત્ર-પુત્રી-પૌત્ર, પૌત્રી પ્રત્યે પણ તમને લગાવ છે?' 'વિશાખાએ કહ્યું 'હા તેમના માટે પણ મારો પુત્રવત વ્યવહાર રહે છે.' બુદ્ધે કહ્યું, 'કદાચ એમાંથી અઠવાડિયે એક બાળક તો પંચતત્વમાં વિલીન થતું જ હશે. તો આવું થવાથી તમને અતિ દુઃખની લાગણી થતી હોય છે?' વિશાખાએ થોડું વિચારીને જવાબ આપ્યો 'ના'. બુદ્ધે કહ્યું, 'હવે જાણી લો કે જેના એક સો સગા-સંબંધી હશે. એમને એક સો દુઃખ હશે. અને જેમને કેવળ એક સંબંધી હશે તેમને એક જ દુઃખ હશે. પરંતુ આ સંસારમાં એકલો છે અને જેને કોઈ સગાસંબંધી નથી તેને કોઈ દુઃખ નહીં હોય.' બુદ્ધે આગળ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'સંસારમાં આવ્યા પછી એ શક્ય નથી કે આપણે કોઈ સગા સંબંધી ન હોય પરંતુ જયારે આપણે પોતાની જાતને તેમના પ્રતિ મમત્વ - ભાવથી મુક્ત કરી લઈએ ત્યારે આપણે અવશ્ય સુખી રહી શકીએ છીએ.'

આગામી નવી રાજનીતિનાં એંધાણ

તંત્રીસ્થાનેથી...

૨૦૧૯ની ઐતિહાસિક સીમાચિહ્ન ચૂંટણી પૂરી થઈ ગઈ અને હવે વધુ પાંચ વર્ષ માટે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ સરકારને સત્તાનો અખત્યાર મળી ગયો છે. કોંગ્રેસ માટે દુઃખના દહાડા વધારે ઘેરા બન્યા છે. ૨૦૧૪માં એને ૪૪ બેઠકો મળી હતી જે વધીને ૫૨ સુધી પહોંચી છે પરંતુ લોકસભામાં એને અધિકૃત વિપક્ષ તરીકેની પ્રતિષ્ઠા મળી નથી. યુપીએ સાથે ગઠબંધન કરનારા ચંદ્રબાબુ નાયડુ અને શરદ પવાર જેવા વરિષ્ઠ પ્રાદેશિક નેતાઓનું રાજકારણ પૂર્ણાહૂતિ પર્વ ભણી આગળ વધી રહ્યું છે. ડીએમકે નેતા સ્ટાલિનને યુપીએ સાથે જોડાવામાં પેટ ભરીને પસ્તાવો થતો હશે, પણ કહે કોને? નરેન્દ્ર મોદી એમના બીમાર અને મરણાસન્ન પિતાની ખબર કાઢવા ગયા હતા ત્યારે ફક્ત ખબર કાઢવા નહોતા ગયા. કદાચ હિંદી હાર્ટ લેન્ડમાં બધું સખળડખળ થઈ જાય તો દક્ષિણ વહારે ધાય - એવી અપેક્ષા સાથે તેઓ ડીએમકે સાથેના જૂના ગઠબંધનનું સ્મરણ અપાવવા ગયા હતા. સ્ટાલિને ઊલટાના રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રસ્તુત કર્યા. હવે તેઓ માટે મોદીની મીઠી નજરની કોઈ શક્યતા રહેશે નહીં. શિવસેના સાથે બધાં અપમાન ગળી જઈને કરેલું સમાધાન મોદીને ફળ્યું છે. શરદ પવારને પોતે રાજકીય ગુરુપદે સ્થાપીને ચાલતા હોવાનું કહેનાર મોદીએ જો તેઓ પલટી મારીને એનડીએ સાથે ગોઠવાઈ ગયા હોત તો એમને માનભેર કેબિનેટમાં સ્થાન આપ્યું હોત. ચંદ્રાબાબુ તો એનડીએમાં જ હતા. ક્યારેક નિયતિ એવા અવળા પાસા ફેંકાવે છે કે માણસ પગ પર કુહાડો મારવાની વેણ ઊપડે છે. કોંગ્રેસની પરંપરા મુજબ મધ્યપ્રદેશમાં કમલનાથ-દિગ્વિજય વિરુદ્ધ જયોતિરાધિત્ય સિંધિયાએ જૂથવાદી અભિગમ અપનાવી કોંગ્રેસનો જ સફાયો કરી દીધો છે. હવે પછીનો એમનો એજંડા પ્રદેશમાં મહામહેનતે સાંપડેલી સત્તાને ટકાવી રાખવાનો જ હશે કે વેર વાળવાનાં બાકી છે - એ તો એમને ખબર. જયોતિરાદિત્ય સિંધિયાને રાજયસભામાં આવવું હશે તો કમલનાથની મહેરબાની જોઈશે. ગુજરાતમાં તમામ બેઠકો સર કરનાર ભાજર હજી કોંગ્રેસની વધુ વિકેટો ખેરવી એને ખોખરી કરવા પ્રયાસ કરશે. એમાં કોંગ્રેસ હાઈકમાંડ પણ ઝાઝો ફેરફાર નહીં કરાવી શકે. કોંગ્રેસની પડતી દશામાં રાહુલ ગાંધી એના તારણહાર બની શકે એવી કોઈ શક્યતા જ નથી રહી. અમેઠીમાં હાર્યા પછી એમનો રેન્ક એન્ડ ફાઈલમાં કેટલો પ્રભાવ રહેશે તે કળવું મુશ્કેલ છે. મોદીનાં પ્રિય કેબિનેટ સાથીએ રાહુલ ગાંધીને પંચાવન હજાર મતથી પણ વધુ વૉટથી હરાવીને અમેઠીની પારિવારિક બેઠક જીતી લીધી એટલે એ 'જાયન્ટ કિલર' ગણાશે. થોડાક જ દિવસોમાં એમના એક વફાદાર કાર્યકરની હત્યા થતાં તેઓ અમેઠી દોડી ગયાં, મૃતક સુરેન્દ્રસિંહને કાંધ આપી અને હત્યારાઓ કે જેમણે ચૂંટણીમાં સ્મૃતિ ઈરાની વિરુદ્ધ કોંગ્રેસનું સમર્થન કર્યું હોવાનું કહેવાય ચે એમને ફાંસી અપાવવા સુધીનું વચન આપતા આવ્યાં છે. આગામી પાંચ વરસ સુધીમાં અત્યારની કોંગ્રેસ શાસિત કે સમર્થિત રાજય સરકારોનું પતન કરાવવાનો રાજકીય એજન્ડા હાથ ધરવામાં મોદી-શાહ લેશ પણ વિલંબ નહીં કરે. વળી શરદ પવાર જેવા વરિષ્ઠ નેતાને પોતાની પાંખમાં ખેંચી ઉપકૃત કરવાની રાજનીતિ પણ રમાઈ શકે. એ જ રીતે આંધ્રપ્રદેશના નવા સુકાની જગનમોહનને તથા તેલંગાણાના સમર્થ નેતા કે. ચંદ્રશેખર રાવને મોદી સમજાવી પટાવીને સાથે રાખશે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકને ઊની આંછ નહીં આવે પરંતુ પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી માટે હવે દુઃખના દહાડા શરૂ થશે અને એ જ રીતે ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધન કરી ભાજપને હરાવવા અને મોદીને હટાવવા નીકળેલ માયાવતી અને અખિલેશ યાદવને સીબીઆઈથી લઈ ઈન્કમટેક્ષ અને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ ઉપરાંત રોબર્ટ વાડ્રાની જેમ કોર્ટનાં પણ પગથિયાં ગણવાં ન જ પડે તો જ નવાઈ.

પુરુષાર્થ - પ્રેરણાથી પ્રગટે સફળતાના દીપ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'દીકરીએ ૯૪ ટકા લાવી સ્વર્ગસ્થ પિતાને ખરા અર્થમાં અંજલિ આપી.'

વાત છે મૂળ ભાવનગરની અને હવે અમદાવાદમાં સ્થાયી થયેલી ત્વરા વિવેકભાઈ ભટ્ટની.

એક વર્ષ પહેલા જ ત્વરાના પિતા ડૉ. પ્રો. વિવેકભાઈ ભટ્ટનું અચાનક-દુઃખદ અવસાન થયું હતું. ત્વરાના મમ્મી ડૉ. પ્રો. પ્રીતિબેન મૈયાણી અને ત્વરાની બહેન ન્યારા માટે જાણે દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પરંતુ સમય સાથે આ દુઃખ ઝીલીને સંઘર્ષ કરવાનું પણ સહુને આવશ્યક જણાયું હતું... ત્વરા અમદાવાદની સી.એમ. વિદ્યાલયમાં અભ્યાસ કરતી થઈ. આયોજનબદ્ધ મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન, પરિવારની હૂંફ, શિક્ષણવિદ્ નાનાજી ડૉ. પ્રો. જે.પી. મૈયાણીની પ્રેરણાથી ત્વરા સતત વાંચન ઉપર ધ્યાન આપતી ગઈ. આખું વર્ષ અથાક મહેનત કરી. પરિણામે તાજેતરમાં ધોરણ દસનું બોર્ડનું પરિણામ આવ્યું ત્યારે એને ૯૮.૮૮ પર્સન્ટાઈલ માર્કસ આવ્યા.

ત્વરા નાનપણથી જ હોંશિયાર હતી, લોકભારતી, સણોસરાને દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં અભ્યાસ દરમિયાન ભાવનગરના સાંસ્કારિક વારસાને કવિતા-લેખકન-સર્જન દ્વારા જીવંત રાખે એના નાની અનુરાધઆ બેન ચંદરવાકર ઈકોનોમિક્સમાં પ્રોફેસર ને અનુરાધા બેનના પિતાજી પુષ્કરભાઈ પણ સાહિત્યકાર આમ ત્વરાને લેખનનો શોખ માના-નાનીના પક્ષેથી વારસામાં મળ્યો છે. નાની ઉંમરમાં એ ધાર્મિક ગ્રંથો - મહાન લેખકોના પુસ્તકો વાંચે છે ને એના પર વાત પણ કરી શકે છે. નાની બહેન ન્યારા જે સાતમામાં આવી, એ મસ્તી કરે - ધમાલ કરે ત્યારે એની સાથે પણ ત્વરા પૂરબહારમાં ખીલે.

ભવિષ્યમાં સાયન્સ (બી ગ્રુપ)માં જઈને એઈમ્સમાં સેવા કરવી એ એનું સપનું છે. ત્યાં ન જવાય તો પ્યોર સાયન્સમાાં એ જયા માંગે છે આમ પરિવારના પ્રોત્સાહનથી કઠિન પરિસ્થિતિમાં પણ એ દીકરીએ ઉત્તમ પરિણામ મેળવ્યા.

જયારે જયારે દસ-બારના પરિણામો આવે છે ત્યારે ત્યારે આવા અનેક કિસ્સાઓ સમાચાર માધ્યમો દ્વારા આપણા સુધી પહોંચે છે. જેમાં વિદ્યાર્થીઓ મુશ્કેલીઓ વચ્ચે - અસુવિધાઓ વચ્ચે પણ હિંમત હાર્યા વિના, ડગ્યા વિના, માત્ર ને માત્ર યોગ્ય દિશાના પુરુષાર્થ સાથે શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરે છે અને પરિવારનું અને પોતાનું ગૌરવ વધારે છે. કેટલાય મા-બાપ સાચા અર્થમાં પોતે ઓછી આવક જૂથમાં હોઈને ભૂખ્યા રહીને પણ બાળકોને ભણાવે છે. અમદાવાદમાં શરબતની લારી ચલાવતા રાજેશભાઈનો પુત્ર નિખિલ ૯૧ ટકા માર્કસ મેળવ્યા છે. પ્યુન તરીકે નોકરી કરતા મુર્તુઝા ભાઈની દીકરી આશિયા ૯૦ ટકા માર્કસ લાવે છે કોઈ ટ્યુશન સાથે તો કોઈ ટ્યુશન વિના, કોઈ થોડું વાંચીને તો કોઈ જાજુ વાંચીને કોઈ મિત્રોના સપોર્ટથી તો કોઈ પરિવારના સપોર્ટથી અચાનક આવી પડેલી મુશ્કેલીઓ અથવા સાવ ગરીબ સ્થિતિમાં પણ ધૈર્ય ચૂક્યા વિા નિયત લક્ષ તરફ ગતિ કરતા રહ્યા અને આખરે પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામો મેળવ્યા.

વસ્ત્રાલ વિસ્તારની યશ્વી સોનારાના પિતા તો પરિણામ આવ્યું ત્યારે પુલવામામાં સૈન્યમાં ફરજ બજાવતા હતા... દીકરીએ ફોન પર તેમને સુંદર પરિણામના સમાચાર આપ્યા ત્યારે સહુની આંખમાં હર્ષના આંસુ હતા.

સરવાળે મહત્ત્વનો સંદેશ એ કે કોઈ પણ પરીક્ષામાં પાસ થવા માટે માત્ર પૈસો-સ્ટેટ્સ - હોદ્દો કે વગ કામ નથી આવતા... આ બધું જ ન હોય અને અચાનક અનેક મુશ્કેલી આવી પડી હોય તેને વળોટીને પણ વિદ્યાર્થીઓ જયારે ચોક્કસ લક્ષ સર કરવા પુરુષાર્થ કરે છે. ત્યારે તેઓ જરૂર સફળ થાય જ છે. એવા સમયે પુરુષાર્થ અને પ્રેરણાના દીવડા પ્રગટે ને અજવાળા રેલાય છે.

તમે કયારે સ્ટ્રેટેજીક ટાઈમ આઉટ લીધો છે ?

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

હમણા હમણા આઈ.પી.એલ.ની ઘણી બધી રસપ્રદ મેચ આપણે નિહાળી છે, તે સમયે મેચમાં દરેક ઈનિંગમાં બે વખત બે મિનિટનો સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ લેવામાં આવતો હતો. ૨૦-૨૦ ક્રિકેટમાં આમ તો ખેલ કાયરે શરુ થાય અને કયાં પૂરો થાય તે ધ્યાનમાં જ નથી રહેતું તેટલું ઝડપી બધું બનતું જતું હોય છે, જો જરાક ગાલેફ રહીએ તો સમજો ખેલ ખતમ ! અને માટે જ જાણી - જોઈને આવો બે મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે કે બંને ટીમ; બધાં ખેલાડીઓ જોઈ સમજી વિચારી શકે કે કયાં જઈ રહ્યા છીએ !

આવો સ્ટ્રેટજિક ટાઈમ આઉટ માત્ર રમતમાં નહીં આપણે જીવનમાં પણ વારંવાર લેતા રહેવો જોઈએ. તેવું નથી લાગતું ! આપણે પણ જીવનની આ રમતમાીં દોડ-દોડ કરી છીએ, ચૂહા-દોડના ભાગરૂપે આડું અવણું જોયા વગર બસ ભાગવાનું ! સવાર પડે યંત્રવત્ બધી ક્રિયાઓ શરુ થાય અને કયારે પક્ષીઓ કલરવ કરે છે ? તે પછી આપણા ઘરના બગીચામાં રોજ સવારે દરજીડો કયારે આવીને કલબલાટી બોલાવી દે છે. આ બધી વાતો તો આપણે જોઈ શકતા જ નથી ! અલાર્મ વાગે અને દિન-ચર્યા નહીં પરંતુ દીન-ચર્યા શરુ થાય.

યંત્રમાનવની જેમ મનુષ્યએ કરવા પડે તેટલા પ્રાતઃ વિધિના કાર્યો પાર પાડવાનાં, નોકરિયા હોય હોય તો ટિફીન લઈને બસ-ટ્રેન કે પોતાના વાહનમાં સમય સાચવવા ઑફિસ પહોંચવાનું, વ્યાવસાયિકોની વળી અલગ પળોજણ હોય છે, કલાયન્ટનો સમય સાચવવા નક્કી કરેલા મિટીંગ સ્થળ પર પહોંચી જવાની મથામણ શરું. ગૃહિણીઓને પતિદેવ અને સંતાનોના ઓફિસ કે સ્કૂલનાં સમય સાચવવા માટે સવાર સવારમાં દોડા-દોડ કરી મૂકવાની ! બાળકો વળી સ્કૂલ-કૉલેજ કે કલાસીસનો સમય સાચવવા માટે દોડવા લાગશે...

આ 'સમય સાચવવા' માં ને સાચવવામાં આપણે ખરેખર તો સમય વેડફી નાખીએ છીએ.. અને ઘણું મોડું થઈ ગયા પછી અચાનક જાગી જઈએ છીએ... ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

સ્ટ્રેટેજી બનાવવા માટે સમય લેતા ક્રિકેટર્સ આગળનો ગેમપ્લાન નક્કી કરવા માટેની તૈયારી તે ટાઈમ આઉટ દરમિયાન લેતા હોય છે, અને ઘણી વખત એવું બન્યું છે કે, ટાઈમ આઉટ પછીની તરતની ઑવરમાં જ વિકેટ પડી હોય, અથવા તો ધીમું રમતા બેટ્સમેન ધડાધડ રન કરવા લાગતા હોય...

આપણે આપણી મોનોટોનસીયા લાઈફમાં જો આવો ટાઈમ આઉટ લીધે રાખીએ તો અચૂક પરિણામ મળે જ. આપણી જિંદગીનું સુકાન કોઈ અગોચર એવા કાલ્પનિક નાખૂદાના હાથમાં સોંપીને આપમે ભવસાગરમાં ભટકતા જ રહી છીએ.

કયાંક રોકાઈએ, જોતા જઈએ, કે જયાં જઈ રહ્યા છીએ, તે યોગ્ય દિશા છે કે નહીં? આપણે જીવનનું જે લક્ષ્ય નક્કી કર્યું હતું, તે જ રસ્તો છે કે પછી બીજા કોઈ માર્ગ પર અટવાઈ ગયા છીએ - અને પહેલા તો ખરેખર એ જ તપાસવાનું કે આપણે જીવનનું કોઈ લક્ષ્ય નક્કી પણ કર્યું છે કે પછી બસ કોઈ ધ્યેય વગર ભટકે જ રાખીએ છીએ...

રોજિંદા જીવનમાં આવા સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ એટલે આપણા તહેવારો, આપણા શનિ-રવિ, આપણાં નાના-મોટા વેકેશન. આ બધા સમય એવા ચે કે જયારે આપણે આપણી માટે સમય ફાળવી શકતા હોઈએ છીએ, અને ત્યારે આપણને સમજાતું હોય છે કે કદાચ આપણે ફાયનાન્શિયલ ઈન્ડેક્સ સરખો કરવામાં ને કરવામાં આપણો ફેમીલી અને સોશ્યિલ ઈન્ડેક્સ તો સાવ પાછળ જ છોડી દીધો છે.

એકાદ શનિ-રવિ કોઈ ગૂંગળાઈ ગયેલો કે ધરબાઈ ગયેલો પુરાણો સંબંધ જે કહેવા માટે તો સંબંધ છે પરંતુ તેમા ઉષ્મા નથી રહી, તેવા સંબંધોને જીવિત કરીએ, અચાનક યકાયક કોઈ જૂના મિત્રને ત્યાં પહોંચી જઈએષ કે પછી નજીક રહેતા હોય તેવા વડોદરા,મહેસાણા, હિંમતનગર જેવા સ્થળો પર જઈને આપણા કાકા - મામા - માસીને ત્યાં પહોંચી જઈએ, તેમને અચરજમાં નાખીને વળી પાછો કહેવાતો સંબંધ જીવંત કરીએ...

આપણે સહુ જાણીએ છીએ કે લગ્ન પ્રસંગોમાં કે અન્ય સામાજિક પ્રસંગોમાં મળવા પૂરતું બે કલાક આપણે આપણા કુટુંબ આપણા તળ કુટુંબ સાથે હોઈએ છીએ. બાકી તો દૂર ના દૂર જ હોઈએ છીએ, તેવામાં આવા સવારથી સાંજ સાથે ગાળવાના પ્રસંગો વધુ નિકટતા લાવે છે, સંબંધોને ઊંજવાનું કામ કરે છે અને ત્યારે આપણને સમજાય છે કે સોશ્યિલ અને ફેમીલી ઈન્ડેક્સ કેટલો મહત્ત્વનો છે.

અને બીજો સ્ટ્રેટજિક ટાઈમ આઉટ એટલે પ્રવાસ. પોતાની સાથે અને પોતાના સાથે ગાળેલો ગુણવત્તા સભર સમય આપણને મનથી હૃદયથી તરબતર કરી દેતો હોય છે, પ્રવાસ અને આપણા લોકોનો સહવાસ એ તો હીરાની મોટી ખાણ છે, જેટલું ખેડાણ કરો તેટલો માલ વધુ ને વધુ હાથ લાગે.

પ્રવાસ એ પોતાની સાથે ગાળવાનો ઉત્તમ ગાળો છે. તમામ પ્રકારની પળોજણો મૂકીને અલગારી રખડું બનીને ફરવાનો આનંદ તો અત્યુત્તમ છે. પ્રવાસ આપણા માહ્યલાને જીવંત રાખે છે. આપણામાં સંવેદનાઓની જયોત પ્રગટતી રાખે છે. માત્ર સરસ સેલ્ફી લઈ લઈને કે જે - તે સ્પોટની તસ્વીરો સોશ્યિલ મીડિયા પર શેર કરીને કેટલી લાઈક્સ અને કેટલી કમેન્સ મળી છે, તે જ ચકાસતા રહેવી તે જ પ્રવાસ નથી. પ્રવાસ તો પોતાની જ મનની સેલ્ફી લઈને મનગમતા સ્થળ પર નિરાંતે બેસીને તેમાં પોતાની જ લાઈક્સ અને કમેન્ટસ મૂકીને સ્વમૂલ્યાંકન કરીને તૃપ્ત થવાની વાત છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સમય વિત્યા પછી આવતી સમજ કોઈ કામની નથી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પ્રતિ વર્ષ મે અને જૂનના મહિનાઓ એટલે આપેલી પરીક્ષાઓના પરિણામ પ્રાપ્ત કરવાના મહિનાઓ. આખુ વર્ષ કરેલી મહેનત કેટલી ઊગી નીકળી તેનો ક્યાસ મેળવવાનો સમય. આ સમયગાળામાં યુવાન મિત્રો સ્વાભાવિક રીતે જ ખૂબ એકસાઈટેડ રહેવાના. કેટલાક લોકો એવુ કહેતા જોવા મળે કે, 'અપેક્ષા મુજબ તારૂ પરિણામ નથી આવ્યું યાર ! ' આવા લોકોના અભિપ્રાયથી ક્યારેય નાસીપાસ ન થવાય. કામિયાબી ક્યારેય હાથની રેખાઓમાં કે કોઈની ટીકા ટીપ્પણીઓમાં હોતી જ નથી. સફળતા તો માથા ઉપરથી ટપકતા પસીનાની પછવાડે હોય છે. જેટલી દમદાર મહેનત એટલી શાનદાન સફળતા. જીવનમાં હારવું કે જીતવું જરૂરી નથી. જીવન એક રમત છે. એને આનંદથી રમવાની છે. સમજ એક એવી શક્તિ છે કે જે સમયસર સમજ આવે તો જ કામની. જો સમય વિત્યા પછી સમજ આવે તો એ કોઈ કામની નથી.

એસએસસી, એચએસસી, સ્નાતક, અનુસ્નાતક કોઈપણ પરીક્ષાનુ પરિણામ ભૂલેચૂકે પણ નબળું આવે તો એવું માનવાની ભૂલ ક્યારેય ન કરવી કે, જીવનમાં હવે કશું થઈ નહીં શકે. સાથે સાથે જો થોડું ઘણું સારું પરિણામ આવે તો એવું પણ ન માની બેસવું કે, આપણે સર્વગુણ સંપન્ન છીએ. આ બન્ને વિચારો ઘાતક છે. આ બે વિચારોની મધ્યમાં એક વિચાર એવો પણ છે કે, તમારી પાસે કંઈપણ કરી શકવાની ઐશ્વરીય શક્તિ છે. તમારી આંતરિક શક્તિઓ અમર્યાદ છે. તમે કશું પણ હાંસલ કરી શકો એમ છો. આ વિચારમાં જ સાચુ સામર્થ્ય રહેલું છે. આવા વિચારોમાં આત્મવિશ્વાસનો ખજાનો છે.

ઘણા મિત્રોને નસીબને દોષ દેવાની આદત હોય છે. કેટલાક એમ કહેતા ફરતા હોય છે કે, 'હું ગમે તેટલું કરું પણ મારું નસીબ જ વાંકુ છે.' આ માત્ર પલાયનવાદ છે. પરિસ્થિતિથી ભાગીને સમાધાન ક્યારેય ન થાય. નસીબને ટોકવાથી કશું ન વળે. પોતાની ક્ષમતા અનુસારનો દિવો તમારે પોતે જ પ્રગટાવવો પડે. માત્ર સપનાઓ જોવાથી સફળતાના ફુલોનો ખોળામાં વરસાદ ન થાય. એના માટે તો મહેનતની ડાળીને બરાબર હચમચાવવી પડે.

યુવાનીમાં એક વાત સ્પષ્ટ સમજી લેવી પડે કે, જયારે મુશ્કેલીથી દૂર ભાગવામાં આવે ત્યારે મરી તો નથી જવાતું પણ જીવવાનું ભારરૂપ જરૂર લાગવા લાગે છે. કોઈ નાનકડી ખુશામત કરે અને ખુશ થઈ જનારા અને કોઈ થોડી ટીકા કરે ત્યારે નાખુશ થઈ જનારાએ સમજી લેવું પડે કે એ કઠપુતળીથી વિશેષ કંઈ નથી. આવી વ્યક્તિઓની સુખ-દુઃખની દોર બીજાના હાથમાં હોય છે. અંતઃકરણપૂર્વક ખુશ રહેવું હોય તો ક્યારેય બીજાની ખુશામત કે ટીકાને તમારા ઉપર સવર જ ન થવા દેવી જોઈએ. દુનિયામાં એવા ઘણા લોકો પણ છે કે, તરબુચ ખરીદતા પુછે કે. ' ગળ્યું છે ને ? ' અને પછી એની ઉપર મીઠું ભભરાવીને ખાય.

એક વાસ્તવિકતા એ પણ છે કે, જયારે તમે પરીક્ષાનો સામનો કરવા જાવ ત્યારે સફળ થાવ એવી શુભેચ્છા આપનારા જયારે તમે ખરેખર સફળ થઈને બહાર આવો ત્યારે તમારી સફળતા એ લોકોને સૌથી વધુ વ્યથીત કરી મુકતી હોય છે. હૃદયમાં કંઈક અલગ હોય અને જીભથી જુદું નાટક ભજવાતું હોય ત્યારે એવી પરિસ્થિતિ અત્યંત વરવી અને ભદ્દી લાગે. આગળ આવવા માટે આપણું હૃદય અને મન જે કહે એ જ સાચું માનવું. આપણો મિજાજ જ એવો હોવો જોઈએ કે કોઈના હોઠો ઉપર ગમે તે વાત હોય આપણા હોઠો ઉપર માત્ર આત્મવિશ્વાસ મુસ્કાન જ હોય.

સરખામણી હંમેશા અળખામણી હોય છે. પોતાની જાતની સરખામણી બીજા સફળ કે અસફળ વ્યક્તિ સાથે કરવાની ભૂલ ક્યારેય ન કરવી જોઈએ. ચંદ્ર અને સુરજ બન્નેમાં તેજ છે. બન્નેની ચમક છે પણ બન્નેના સમય અલગ અલગ છે. બન્નેની તીવ્રતામાં ફર્ક છે. બધા લોકો એક જ પ્રયાસમાં સફળ ન પણ થઇ શકે. જ્યારે નિષ્ફળતા મળે ત્યારે જ સમયની સાચી ગતાગમ પડી જતી હોય છે. દુનિયા ખૂબ ઝડપથી બદલાતી જાય છે. બદલાતી દુનિયા સાથે આપણે પણ ઝડપથી બદલાવું પડે. જુની પુરાણી રીતે સફળતાના માપદંડો ન રાખી શકાય.

નિષ્ઠાપૂર્વકની મહેનત ક્યારેય નિષ્ફળ નથી જતી. હૃદયની ઉર્મિ ક્યારેય તમને કમજોર નહીં થવા દે. એક નાનો બદલાવ મોટી કામિયાબીનો ટર્નિંગ પોઈન્ટ બની જતો હોય છે. અસફળતા એટલે તમે હજુ સફળ નથી થયા. લક્ષ્ય પ્રાપ્ત નથી થવાનું એમ લાગે ત્યારે લક્ષ્ય ન બદલાય. લક્ષ્ય સુધી પહોંચવા માટે બીજો માર્ગ શોધવા પ્રયાસ કરવો પડે. નવા રસ્તા ઉપર હિંમતપૂર્વક આગળ વધવાની નવેસરથી શરૂઆત કરવી પડે.

આપણી ક્ષમતાઓ અને શક્તિઓ આપણે જાતે જ શોધવી પડે. આપણી ખામીઓ તો કોઈપણ શોધી કાઢશે. કેટલાક લોકો ખામીઓ શોધવામાં ડોક્ટરેટ થયેલા હોય છે. હંમેશા કશું નવું અને મોટા ગજાનું કરવા તત્પર રહેવાની આવડત મોટી પૂંજી છે. મોટી છલાંગ મારવાની તૈયારી હોય એ જ સાચી સ્પિરિટ છે. સિંહનાદ કરી હિંમતપૂર્વક તમારે સફળ બનવાનુ છે, તમારા પોતાના માટે નહીં તો એમના માટે કે જે તમને નિષ્ફળ જોવા માગે છે. એમના માટે કે જે તમારી પ્રગતિ નથી જોઈ શકતા. યાદ રહે કે, લહેરો કી ફીતરત હૈ શોર મચાને કી, મંજીલ ઉસી કી હોતી હૈ જો નજરો મેં તુફાન દેખતા હૈ. બીજાને સફાઈ આપવામાં સમય ક્યારેય ન બગાડવો જોઈએ. લોકો તો એટલું જ સમજશે જેટલું એ સમજવા માગતા હોય છે અથવા જેટલું સમજી શકવાની એમની શક્તિ હશે એટલુ જ એ લોકો સમજશે. હકીકત તો એ છે કે, સાચુ જ્ઞાન તમને ક્યારેય ભયભીત નહીં થવા દે. હૃદયમાં પડેલું સત્ય ક્યારેય તમને કમજોર નહીં થવા દે.

ધબકાર :
એક નિરાશાવાદીને હંમેશા મુશ્કેલી દેખાતી હોય છે. એક આશાવાદીને મુશ્કેલીમાં આગળ વધવાનો અવસર દેખાતો હોય છે.